| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ : | ૨૩/૦૯/૨૦૨૪ | | |
| દાખલ તારીખ : | ૨૩/૦૯/૨૦૨૪ | | |
| ફૈસલ તારીખ : | ૦૩/૦૭/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**મોડાસા ના મહેરબાન. પ્રિન્સિપાલ મેજીસ્ટ્રેટ, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ**

**મુકામ–:મોડાસા**

બાળ કેસ નં.૭ર/૨૦૨૪
આંક:

ફરીયાદી : શ્રી સરકાર

વિરુઘ્ઘ

કા.સ.કિ. : રાઘવ (જુવેનાઇલની ઓલખ ગુપ્ત રાખવા ડમી નામ આપેલ છે.)

ગુન્હો: ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪,૪૨૭,૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ તથાજી.પી.એક્ટ–૧૩૫ મુજબ..

---

- ફરિયાદ પક્ષ તરફે.. વિ.એ.પી.પી.શ્રી આર.એચ.જુરાણી
- કા.સ.કિ. તરફે.. વિ.વ શ્રી યુ.જે.ભાટી

---

**// ઠરાવ //**

૧.. આ કામના કાયદાના સંઘર્ષમાં કિશોર સામે ઈ.પી.કો.ક.૩૨૩, ૩૨૪,૪૨૭,૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ તથાજી.પી.એક્ટ–૧૩૫ મુજબના ગુન્હાનું તહોમત મુકવામાં આવેલ છે. જેઓને હવે પછી સદર ચુકાદાની કરેલ ચર્ચામાં સરળતા ખાતર ટુંકમાં **કા.સ.કિ.** તરીકે સંબોધવામાં આવેલ છે. તેમજ જુવેનાઈલ એકટની જોગવાઈઓ મુજબ કા.સ.કિ.નું નામ પણ લખવામાં આવેલ નથી.

૨.. ફરીયાદ પક્ષના કેસની સંક્ષિપ્તમાં હકિકત એવી છે કે, કોલમ નં.૧ માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરનાઓએ તા.૨૩/૦૪/૨૦૨૪ ના રોજ ક.૧૬/૩૦ વાગ્યે મોજે અજીતપુરા ગામે આ કામના ફરિયાદી નાઓ પોતાના ખેતરના ઘાસ કાપતા હતા તે વખતે નં.૨ નાઓને તેમના બકરાને ફરી.ના ખેતર બાજુ કાઢેલ હોઈ જેથી ફરી.એ બકરા લઈ જવાનું કહેતાં કોલમ નં.૨ જણાવેલ નં .૧ નાઓને આવતાં જે ફરી.ના માથાના ભાગે કુહાડી મારી દઈ ઈજાઓ કરી સાહેદના સવિતાબેન નાઓના ઘરના નળીયા ફોડી નાખી નુકસાન કરી તથા ફરી. તથા સાહેદને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તથા નંબર–૪ નાઓ ફરી.ને મા–બેન સામી ગાળો બોલી ઝઘડો તોફાન કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાએ મદદગારી કરી મે.જીલ્લા મેજી.શ્રીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગે કાયદેસરની કાર્યવાહી થવા સારુ ફરીયાદીએ ભિલોડા પોલીસ મથકે બનાવની હકીકત જાહેર કરતા પોલીસે ફરીયાદ આધારે કા.સ.કિ. વિરુધ્ધ ગુન્હો રજીસ્ટર કરી , તપાસના અંતે તમામ વિરુધ્ધ ઈ.પી.કો.ક.૩૨૩, ૩૨૪,૪૨૭,૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ તથાજી.પી.એકટ–૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૩.. ત્યારબાદ કા.સ.કિ.ને સમન્સ કાઢતા અદાલત અદાલત સમક્ષ હાજર થતા , તેમને ક્રિ.પ્રો.કો.નીકલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ, કા.સ.કિ.નું આંક: ૫ હેઠળ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં કા.સ.કિ.એ તહોમતની કબુલાતનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષને પુરાવો રજુ કરવા જણાવેલ.

૪.. આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**<u>// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //</u>**

| **અ.નં** | **પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | સરલાબેન તે પ્રવિણભાઈ જીવાભાઈ ભરાડાના પત્ની–ફરિયાદી | ૧૨ |
| ૨ | ફરિયાદ | ૧૩ |
| ૩ | પંચ સાહેદ–દેવકિશન મગનભાઈ ભરાડાની જુબાની | ૧૪ |
| ૪ | પંચનામુ | ૧૫ |
| ૫ | પંચ સાહેદ–વિજયકુમાર રમેશભાઈ અસારીની જુબાની | ૧૬ |
| ૬ | પંચ સાહેદ– રમેશભાઈ નાનજીભાઈ ભગોરાની જુબાની | ૧૯ |
| ૭ | પંચનામુ | ૨૦ |
| ૮ | પંચ સાહેદ–ચંદુભાઈ માવજીભાઈ ભગોરાની જુબાની | ૨૧ |
| ૯ | સાહેદ–કરિશ્માબેન વિજયભાઈ ભરાડાની જુબાની | ૨૮ |
| ૧૦ | મેડીકલ સર્ટી | ૨૯ |
| ૧૧ | કલોઝીંગ પુરસીસ | ૩૦ |

૫.. ત્યારબાદ ફરીયાદપક્ષે મુળ ફરીયાદપક્ષ તરફે તેઓ વધુ પુરાવો આપવા માંગતા અને કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવી આંક:૩૦ની કલોઝીંગ પુરસીસના આધારે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો જોતા કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક સામે પ્રથમ દર્શનીય કોઈ પુરાવો જણાઈ નહિ આવતા કાયદાના સંઘર્ષમા આવનાર બાળકનુ ક્રિ.પો.કોડની કલમ–૩૧૩ મુજબ નિવેદન લેવામાં આવેલ નથી ત્યારબાદ કોઈ પુખ્ત પુરાવો ન હોવાથી અને ફરીયાદ પક્ષ તરફે સાહેદ તપાસેલા ન હોવાથી સાદર કામને જજમેન્ટ પર લેવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી આર.એચ.જુરાણી તેમજ કા.સ.આ.બાળક તર્ફે તેમના વિ.વકીલ શ્રી યુ.જે.ભાટી દ્રારા દલીલ કરવામાં આવે છે .

૬.. ઉપરોકત હકિકતે સદર કેસના ન્યાયીક નિર્ણય સારુ નીચે મુજબના

મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, કોલમ નં.૧ માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરનાઓએ તા.૨૩/૦૪/૨૦૨૪ ના રોજ ક.૧૬/૩૦ વાગ્યે મોજે અજીતપુરા ગામે આ કામના ફરિયાદી નાઓ પોતાના ખેતરના ઘાસ કાપતા હતા તે વખતે નં.૨ નાઓને તેમના બકરાને ફરી.ના ખેતર બાજુ કાઢેલ હોઈ જેથી ફરી.એ બકરા લઈ જવાનું કહેતાં કોલમ નં.૨ જણાવેલ નં.૧ નાઓને આવતાં જે ફરી.ના માથાના ભાગે કુહાડી મારી દઈ ઈજાઓ કરી સાહેદના સવિતાબેન નાઓના ઘરના નળીયા ફોડી નાખી નુકસાન કરી તથા ફરી. તથા સાહેદને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તથા નંબર-૪ નાઓ ફરી.ને મા-બેન સામી ગાળો બોલી ઝઘડો તોફાન કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાએ મદદગારી કરી મે.જીલ્લા મેજી.શ્રીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગે કાયદેસરની કાર્યવાહી થવા સારુ ફરીયાદીએ ભિલોડા પોલીસ મથકે બનાવની હકીકત જાહેર કરતા પોલીસે ફરીયાદ આધારે કા.સ.કિ. વિરુધ્ધ ગુન્હો રજીસ્ટર કરી , તપાસના અં તે તમામ વિરુધ્ધ ઈ.પી.કો.ક.૩૨૩, ૩૨૪,૪૨૭,૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ તથાજી.પી.એકટ-૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ કરેલ છે?

(૨) શું હુકમ ?

૬(૨)..ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) છેવટના હુકમ મુજબ

## <u>//કારણો//</u>

**<u>મુદા નં.૧:–</u>**

૭.. આ કામે ફરીયાદપક્ષે આંક:૧૨ થી ફરિયાદી : સરલાબેન તે પ્રવિણભાઈ જીવાભાઈ ભરાડાની પત્નીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૨૨/૦૪/૨૦૨૪ના રોજ બનેલ. બનાવના દિવસે તેઓ તથા તેમની બંન્ને વહુઓ નામે કરીશ્માબેન થતા ડિમ્પલબેન નાઓ બપોરે આશરે સાડા ચારેક વાગે તેમના ખેતરમાં ઘાસ કાપતા હતા. તે દરમયાન તેમના દિયરનો દિકરો વિશાઈભાઈએ તેમની સાસુના ખેતરમાં બાંધેલા બકરા છોડી દીધેલા. આ બકરા તેમના ખેતરમાં શાકભાજી વાવેલ હોય તેમાં ઘુંસી ગયેલા. ત્યારબાદ તેમના દિયર દિલીપભાઈ જીવાભાઈ ભરાડા તથા તેમના પત્ની ઈંદુબેન તથા તેમની દિકરી મોનિકાબેન નાઓ ત્યાં આવેલા અને તેમની વહુઓને મનફાવે તેમ ગંદી ગાળો બોલવા લાગેલા. ત્યારબાદ તેમના દિયર દિલીપભાઈ નાઓ તેમના હાથમાં કુહાડી લઈને આવેલા અને તેમને માથાના ભાગે મારી દીધેલ. ત્યારબાદ તેઓ બેભાન થઈ ગયેલ. ત્યારબાદ તેમનો દિકરો રાજેન્દ્ર નાઓ આવી જતાં આ ચારેય ઈસમો તેમના ઘરે જતા રહેલા. ત્યારબાદ તેમને શામળાજી સીવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલ. તેમને માથાના ભાગે નવ ટાંકા આવેલા. બનાવ બાબતે તેમને ભિલોડા પો.સ્ટે. ફરીયાદ આપેલ. તેમને તા. ૨૮/૦૪/૨૦૨૪ ના રોજની ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે. જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે ફરીયાદને રજુ દાખલ આંક:૧૩ આપવામાં અવો છે. કાં.સ.કી.ને તેઓ ઓળખી બતાવે છે. જે આજરોજ નામ.બોર્ડ સમક્ષ હાજર નથી.

આ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ

વિ.એ.પી.પી.શ્રી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ સદર ફરિયાદમાં લખાવેલ હકીકતનો ઈનકાર કરેલ છે. તેમજ બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓ સરતપાસને વળગી રહેલ છે.

૭(૧).. તે જ રીતે સાહેદ : કરિશ્માબેન વિજયભાઈ ભરાડા– આંક:૨૮નો મૌખિક પુરાવો જોતાં તેઓએ પણ તેમના પુરાવામાં ઉપરોકત ફરિયાદીએ તેમના આંક:૧૨ ના પુરાવામાં બનાવ અંગે જે કોઈ હકીકત જણાવેલ છે તેવી જે એકસરખી(સ્ટીરીયોટાઈપ) હકીકત જણાવેલ છે અને ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોઈ તેઓ પણ ફરી ગયેલા જાહેર થયેલા છે. જેથી પુરાવાનું પુનરાવર્તન ટાળવા સારુ સદર સાહેદએ આપેલ મૌખિક પુરાવાની વિસ્તૃત ચર્ચા કરેલ નથી.

૮.. સદરકામે આંક:૧૫ થી રજૂ થયેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું જોતાં તેના બં ને પંચસાહેદોએ તેમના આંક:૧૪ અને ૧૬ના પુરાવામાં સદર પંચનામામાં ફકત તેઓની સહી જ ઓળખી બતાવેલ છે, પરંતુ પોલીસે તેમની હાજરીમાં ગુનાવાળી જગ્યાએ તેઓને લઈ જઈ પંચનામું કરેલ હોય તેનો ઈનકાર કરેલ છે. જેથી તેમના પુરાવાના આધારે પણ આંક:૧૫ ના પંચનામાની હકીકત પુરવાર થતી નથી.

૯.. સદરકામે આંક:૨૦ થી રજૂ થયેલ મારક હથિયારનું પંચનામું જોતાં તેના બંને પં ચસાહેદોએ તેમના આંક:૧૯ અને ૨૧ ના પુરાવામાં સદર પંચનામામાં ફકત તેઓની સહી જ ઓળખી બતાવેલ છે, પરંતુ પોલીસે તેમની હાજરીમાં ગુનાવાળી જગ્યાએ તેઓને લઈ જઈ પંચનામું કરેલ હોય તેનો ઈનકાર કરેલ છે. જેથી તેમના પુરાવાના આધારે પણ આંક: ૨૦ ના પંચનામાની હકીકત પુરવાર થતી નથી.

૧૦.. આમ, ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદીએ આપેલ મૌખિક પુરાવો તેમજ રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો આ

કામે મહત્વના સાહેદ કહી શકાય એવા ફરિયાદીએ તેમના આંક: ૧૨ ના પુરાવામાં બનાવ સમયે તેમને કા.સ.કિ. તથા અન્ય આરોપીઓ સાથે ખેતરમાં બાંધેલા બકરાં છોડી દીધેલ હોઈ,અને તે ખેતરમાં શાબભાજી વોલ હોઈ,તેમાં ઘુંસી ગયેલ તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી અને તે સિવાય બીજું કંઈ બનેલ ન હોવાનું જણાવી આંક: ૧૩ ની ફરિયાદ હકીકતને સમર્થન કરેલ ન હોઈ તેઓ ફરી ગયેલા જાહેર થયેલા છે. તેમજ બંને પક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ જ બનાવ બનેલ ન હોવાનું જણાવી ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. આ જ હકીકત આંક:૨૮ ના સાહેદએ પણ તેમના પુરાવામાં જણાવેલ છે અને ફરિયાદપક્ષને સમર્થન કરેલ ન હોઈ તેઓ પણ ફરી ગયેલા જાહેર થયેલા છે, જેથી કા.સ.કિ.ને ગુન્હામાં સંડોવી શકાય તેવી કોઈ જ હકીકત સદર સાહેદોના પુરાવાથી રેકર્ડ ઉપર પુરવાર થયેલ નથી. આમ, ફરીયાદીપક્ષે રજુ તમામ પુરાવાકીય હકીકતો તપાસતા કા.સ.કિ. વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૨૩, ૩૨૪,૪૨૭,૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ તથાજી.પી.એકટ–૧૩૫ મુજબના ગુનાના આવશ્યક તત્વો ફલીત થતા હોય તેવી પુરાવાકીય હકીકતો ન રજુ થયેલ હોવાથી , ફરીયાદપક્ષ કા.સ.કિ. વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં. ૧નો જવાબ ''નકારમાં '' નિર્ણીત કરી મુદ્દા નં.૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

**<u>// આખરી હુકમ //</u>**

સદરકામેરાઘવ (જુવેનાઇલની ઓલખ ગુપ્ત રાખવા ડમી નામ આપેલ છે.),ઉંમર ૧૭ વર્ષ,૫ માસ અને ૭ દિવસ નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ :૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૩૨૪,૪૨૭,૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ તથાજી.પી.એકટ–૧૩૫ મુજબના

શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના કા.સ.કિ.ના જામીન ક્રિ.પ્રો.કોડની કલમ:૪૩૭(એ) મુજબ છ માસ માટેના અગાઉ આપેલ જામીન લંબાવવા હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે લીધેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

આજરોજ તારીખ: ૦૩ જી, માહે : જુલાઈ , સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી બાળ અદાલતમાં હુકમ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મોડાસા..
તા.૦૩–૦૭–૨૦૨૬

સભ્યશ્રી,
જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ
મોડાસા

સભ્યશ્રી,
જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ
મોડાસા

**(એસ.આર.શર્મા)**
**પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ**
**જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ**
**મોડાસા**
**No.GJ**–01571